Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

62

# ગુજરાતી સાહિત્યનાં રસદર્શક તરીકે નિલેશભાઇ પંડ્યાનું પ્રદાન

## જોશી રાધિકા હરેશભાઇ

એમ.એ., બી.એડ. (ગુજરાતી), પીએચ.ડી (સ્કોલર)

નિલેશભાઇ છેલ્લાં ચાર દાયકાથી લોકસંગીતનું ગાયન કરે છે. સામાન્યરીતે લોકસંગીતનાં ગાયક માત્ર ગાય શકે પણ લોકસાહિત્યનું સંશોધન, રસદર્શન, અભ્યાસલેખોનું લેખન કરતાં હોય તેવું ભાગ્યે જ બને છે. સામાપક્ષે લોકસાહિત્યનાં સંશોધક લેખક પોતે લોકગીતોનાં ગાયક હોય તેવું જવલ્લે જ બને છે પણ કુદરતે તેમણે જાણે બંને કામ સોંપ્યા છે ! નિલેશભાઇ લોકગીતની પ્રસ્તુતિ અને સંશોધન-લેખન ક્ષેત્રે પણ પ્રવૃત છે.

નિલેશભાઇનો નમ્ર પ્રયાસ એવો છે કે, આપણું યુવાધન સંસ્કારપૂર્ણ અને સાત્વિક લોકસંગીતથી અવગત થાય એ માટે તેઓ છેલ્લાં પચ્ચિસેક વર્ષથી ગુજરાતભરની કોલેજો અને યુનિવર્સીટીઓમાં ગુજરાતી લોકગીતો, ભજનો, દુહા-છંદ, લગ્નગીતો, ધોળ વગેરેની પ્રસ્તુતિ કરી યુવા ભાઇ-બહેનોને તેમાં રસ લેતાં કરવાનાં પ્રયાસો કરી રહ્યાં છે. તેઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સીટી રાજકોટ, હેમચંદ્રાચાર્ય યુનિવર્સીટી પાટણ, આણંદ કૃષિ યુનિવર્સીટી, વીર નર્મદ યુનિવર્સીટી સુરત, ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ, સરદાર પટેલ યુનિવર્સીટી, વલ્લભ વિદ્યાનગર, નિરમા યુનિવર્સીટી અમદાવાદ ઉપરાંત ગુજરાતની 250 થી પણ વધુ કોલેજોનાં ચારેક લાખ વિદ્યાર્થીઓ સન્મુખ લોકસંગીત પીરસ્યું છે.

નિલેશભાઇએ લોકસંગીત સમજાવીને ગાવાની ઢબ અખત્યાર કરી છે. લોકગીત, ભજન વગેરે પ્રસ્તુત કરતાં પહેલા જે તે રચના વિષે થોડી ઘણી વાત કરે છે એટલે યુવાધન રેફરન્સ સમજી શકે

અને તે રચના અંગે તે જાણકારી મેળવી શકે, તેઓ તેમના કાર્યક્રમમાં લોકગીતો એટલે શું? કેવી રીતે રચાયા હશે? લોકગીતના વિવિધ ઢાળ, નવેય રસનાં લોકગીતોની ઝલક, ભજનોની સમજ, લોકગીતો અને ભજન વચ્ચેનો ભેદ, લોકગીત અને ધોળ વચ્ચેનો તફાવત, વિધિ મુજબનાં લગ્નગીતોની ઝલક પ્રસ્તુત કરી છે એટલે તેમનો કાર્યક્રમ લોકસંગીતનાં પેકેજ સમો જ હોય છે.

નિલેશભાઇ લોકસંગીતમાં થીમ બેઇઝ્ડ પ્રોગ્રામો બનાવ્યા છે જે અપને ત્યાં 'રેર' છે. વર્ષ 2009-10માં કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલય અંતર્ગત NACO (National aids control organization) નાં એક પ્રોજક્ટ તળે તેઓને રાજકોટ, સુરેન્દ્રનગર અને ભાવનગર જીલ્લાનાં ગામડામાં એચ.આઇ.વી. એઇડ્સ વિષયક જનજાગૃતિ માટે લોકસંગીતનાં 100 પ્રોગ્રામનું પેકેજ પણ મળેલું છે. જેનાં માટે તેઓએ ત્રણ કલાકનો પ્રોગ્રામ બનાવેલો હતો. ત્રણ જીલ્લાનાં સો ગામોમાં પ્રાચીનગીતો દ્વારા આધુનિક રોગો એવા એઇડ્સ સામે લોકોને તેઓએ જાગૃત કર્યા હતા. તેમજ નિલેશભાઇએ લોકગીતોમાં એચ.આઇ.વી. એઇડ્સ વિરોધી સંદેશા શોધી કાઢ્યાં હતાં !

વર્ષ 2011માં ગુજરાત ગૌ સેવા આયોગ ગાંધીનગર સ્વર એમને ગાય અને ગૌવંશનું મહાત્મ્ય સમજાવતા લોકસંગીતનાં પ્રોગ્રામ્સ માટે ઈજન મળ્યું હતું. તેમણે લોકગીતો, ભજન દ્વારા ગાયનું અધ્યાત્મિક ઉપરાંત આયુર્વેદિક અને આર્થિક મહાત્મ્ય સમજાવ્યું જે અંતર્ગત તેમણે 45 જેટલા કાર્યક્રમો ગુજરાતમાં આપ્યાં છે. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ 'મેઘાણી વંદના' કાર્યક્રમ બનાવી અનેક જગ્યાએ કાર્યક્રમો પ્રસ્તુત કર્યા છે.

પર્યાવરણનું મહત્વ સમજાવવા ગીતોભરી કહાની જેવો કાર્યક્રમ 'અંબર ગાજે બનાવ્યો જેને અનુરૂપ લોકગીતો સાથે શાસ્ત્રોમાં અને લોકજીવનમાં વરસાદ, વૃક્ષનું મહત્વ, પર્યાવરણ બચાવવાના ઉપાયો, પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા અને ગ્લોબલ વોર્મિંગ સામે લડવા સહિતની વાતોને આવરીને સ્ક્રીપ્ટ બનાવી છે. ખાસ તો ચોમાસાની ઋતુમાં આ કાર્યક્રમો કોલેજ અને યુનિવર્સીટીઓમાં પ્રસ્તુત કરી છે. ગુજરાત સંગીત નાટક અકાદમી ગાંધીનગર અને ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા એમને અનેકવાર યુવાધન માટે થીમ આધારિત કાર્યક્રમો પ્રસ્તુત કરવાની તક મળી છે.

ગત વર્ષે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી દરમિયાન ગુજરાત સંગીત નાટક અકાદમી, ગાંધીનગર દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની અમર રચના 'કસુંબીનો રંગ' ગુજરાતના 20 પસંદ કરેલા કલાકારો પાસે ગવડાવવામાં આવી તેમાં એક ગાયક તરીકે પણ તે રહી ચુક્યા છે. તેઓ લોકગીતોનું રસદર્શન કરીને અખબારમાં એની કોલમ પણ ચલાવે છે. અત્યાર સુધીમાં તેઓએ 350 થી વધુ લોકગીતોનું રસદર્શન કરાવ્યું છે.

વર્ષ 2015 થી 2021 સુધી 'ગુજરાત સમાચાર'ની રવિ પૂર્તિમાં 'સોના વાટકડી રે...' લખી અને વર્ષ 2022 થી આજ પર્યંત 'દિવ્ય ભાસ્કર' ની બુધવારની 'કળશ' પૂર્તિમાં 'મેંદી રંગ લાગ્યો' કોલમ લખે છે જેમાં દર દરવખતે એક લોકગીત અને તેનું રસદર્શન લખે છે.

વર્ષ 2018 માં ગુજરાત સરકારની માહિતી ખાતાએ 90 લોકગીતો અને તેના રસદર્શનનું તેમનું પુસ્તક 'ચાંદો ઉગ્યો ચોકમાં' પ્રગટ કર્યું જેને લાજવાબ પ્રતિસાદ મળ્યો છે. આ પુસ્તકને ગુજરાત સાહિત્ય અકાદમીએ લોકસાહિત્યનાં શ્રેષ્ઠ પુસ્તકની શ્રેણીમાં દ્વિતીય પરીતોષિત આપ્યું છે. આપણે ત્યાં લોકગીત જેવા જ ગણાતા ધોળ પર બહુ જ ઓછું કામ થયું છે ત્યારે નિલેશભાઇનું 51 ધોળ અને રસદર્શનનું 'છેલડા હો છેલડા' પુસ્તક પ્રગટ થયું છે. એવી જ રીતે 66 લોકગીતો સાથે રસદર્શનનું 'સોના વાટકડી રે...' પુસ્તક પણ પ્રગટ થયું છે.

2021 માં સૌરાષ્ટ્ર યુનિવર્સીટીનાં ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા તેમને ધોળ અને લોકગીતોના તુલનાત્મક અભ્યાસ અંગે એક રિસર્ચ પ્રોજેક્ટ આપવામાં આવ્યો હતો, જે પૂર્ણ થયા બાદ તેના આધારે જ એક પુસ્તક 'લોકસરિતાનાં બે વહેણ-લોકગીત અને ધોળ' પ્રગટ થયું. નિલેશભાઇનું ગુજરાતી લોકસંગીત-લોકસાહિત્યમાં પ્રદાન બદલ લોકસાહિત્ય ક્ષેત્રનો પ્રતિષ્ઠિત એવો 'કવિ દુલા ભાયા કાગ' એવોર્ડ મળ્યો છે. ઉપરાંત પુષ્કર ચંદરવાકર એવોર્ડ, ગાર્ડી એવોર્ડ, અતુલ્ય વારસો આઇડેન્ટિટી એવોર્ડ, પ્રાઇડ ઓફ રાજકોટ એવોર્ડ પ્રાપ્ત થયા છે.

નીલેશભાઇનાં ત્રણ પુસ્તકો ચાંદો ઉગ્યો ચોકમાં, સોના વાટકડી રે... અને છેલડા હો છેલડા ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી, જૂનાગઢમાં પ્રથમ વર્ષ બી.એ.નાં અભ્યાસક્રમમાં રેફરન્સ બુક તરીકે સમાવાય છે.